૯ અડધું અને પા

R3H5N2

મિન્ટુ બિલાડી અને મોટુ બિલાડી બે દોસ્ત હતાં. એક વાર તેમણે માલિનીના રસોડામાંથી રોટલી ચૂપચાપ લઈ લીધી. મિન્ટુએ કહ્યું, - હું આ લઈશ. ના હું આ લઈશ - મોટુએ કહ્યું. જ્યારે તેઓ ઝઘડતા હતા ત્યારે ત્યાં ટીટુ વાંદરો આવી ચઢ્યો. હાય ! શું કંઈ મુશ્કેલી છે ? તમે કેમ ઝઘડો છો ? - તેણે પૂછ્યું, ‘‘આ રોટલીના ભાગ અમારા બંનેની વચ્ચે કેવી રીતે કરવા, તે અમે નથી જાણતા.’’ બંને બિલાડીઓએ કહ્યું.‘‘સારું ! ચિંતા ન કરો. હું આ રોટલીના બે એકસરખા ભાગ(Equal part-ઈક્વલ પાર્ટ) તમારા બંને માટે કરી આપીશ.’’ તેણે કહ્યું. હોંશિયાર ટીટુએ રોટલીના આ રીતે બે ભાગ કર્યા.



આ ભાગ એકસરખા નથી. ડાબી બાજુનો ભાગ મોટો છે. મિન્ટુ અને મોટુએ કહ્યું. અરે, કંઈ વાંધો નહીં, હું તેને એક સમાન કરી દઉં - ટીટુએ કહ્યું, પછી તેણે ડાબી બાજુના ટુકડાને કાપ્યો અને ખાઈ ગયો.



અરે ! હવે જમણી બાજુનો ભાગ મોટો છે - બિલાડીઓએ બૂમ પાડી. મને માફ કરો - ટીટુએ કહ્યું, હવે મોટા ટુકડાવાળો ભાગ કાપ્યો અને ખાઈ ગયો. જ્યારે માત્ર નાનો ટુકડો બાકી રહ્યો, ત્યારે તેણે કહ્યું - આ મારા કામનો હિસ્સો છે. પછી ટીટુ ઝડપથી છેલ્લો ટુકડો ખાઈ ઝાડ પર ચઢી ગયો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અડધું - અડધું (Half-Half, હાફ-હાફ)

- જો બંને બિલાડી તમને રોટલી એકસરખા ભાગમાં વહેંચવાનું કહેશે, તો તમે કેવી રીતે ભાગ પાડશો ?
  જો તમે ટીટુની જેમ છેતરપિંડી ન કરો, તો બંને બિલાડી પાસે આ રીતે ભાગ હશે.



અડધાનું અડધું (Half of Half-હાફ ઑફ હાફ)

- જો બીજી બે બિલાડી ખાવા માટે આવશે, તો તમે એક રોટલીના ચાર એકસરખા ભાગ કેવી રીતે કરશો ?

ઘણા ટુકડાનો અડધો ભાગ

રાનીને ચૉકલેટ મળી. તેણે એકસરખા ભાગ કરી તેનો અડધો ભાગ તેની દોસ્ત રીનાને આપ્યો.

- રીનાને મળેલા ભાગ પર ગોળ કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચૉકલેટના કેટલા ટુકડાઓ છે ? ____________

રાની પાસે કેટલા ટુકડાઓ બાકી રહ્યા ? ____________

C7U8G2

અડધા કાગળમાંથી બનેલા ઘણા બધા આકાર

કાગળનો એક ટુકડો લો. કાગળમાંથી બે એકસરખા ત્રિકોણ એવી રીતે કાપો, જેથી દરેક ત્રિકોણનું માપ અડધા કાગળ જેટલું હોય. બંને ત્રિકોણને જુદા જુદા રંગ કરો.

- આ બંને ત્રિકોણનો ઉપયોગ કરી જુદા-જુદા આકારો દોરો. એવો જ એક આકાર અહીં દર્શાવેલ છે.



અડધા ભાગ કરવાના બીજા ઘણા રસ્તા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આ લંબચોરસને તમે જુદી જુદી કેટલી રીતે અડધા ભાગમાં કાપી શકો ?

- અલગ - અલગ ૫ રીત દોરો.



તે એક સમાન છે કે નહીં, તે તમે ચકાસી શકો ?

ચોથો ભાગ કરવાની ઘણી રીતો



- આ લંબચોરસના તમે જુદી જુદી કેટલી રીતે ચાર એકસરખા ભાગ કરી શકો ? જુદી જુદી ૫ રીત દોરો.



તે એકસરખા છે કે નહીં, તે તમે તપાસો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કેકના ભાગ પાડવા

રજનીના પપ્પા કેક લાવ્યા. તેણે કેકના ચાર એકસરખા ભાગ કર્યા. તેના પોતાના માટે, તેના ભાઈ રાજુ માટે, તેના પપ્પા અને મમ્મી માટે.





- દરેક ભાગમાં જુદા-જુદા રંગ ભરો.
- દરેકને કેટલા ભાગ મળશે ?



- મમ્મીએ પોતાના ભાગની કેક રજનીને આપી. હવે રજનીને મળેલ કુલ ભાગમાં રંગ પૂરો.
- કુલ ૪ ભાગમાંથી રજનીને .... ભાગ મળશે, જે બરાબર અડધી કેક જેટલો છે.

તો તે ___/૪ અથવા ૧/૨ લખી શકે.



રજનીની માતાએ તેને કેકનો ભાગ આપ્યો તે પહેલાં રજની પાસે અડધી કેકનો ૧/૨ ભાગ હતો. જે કુલ કેકનો ૧/૪મો ભાગ હતો.

- રાજુને મળેલ ભાગમાં રંગ પૂરો.
- રજની અને રાજુને સાથે મળીને કેટલી કેક મળી ? તેમને મળેલ કુલ ભાગમાં રંગ પૂરો.



બંનેને સાથે મળીને કુલ ૪ ભાગમાંથી ૩ ભાગ મળ્યા. જેને આપણે ૩/૪ તરીકે લખી શકીએ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

લોભી કુંદન

કુંદન એક લોભી માણસ છે. જ્યારે પણ એ બજાર જાય ત્યારે તેને વધુમાં વધુ (More and more -મોર એન્ડ મોર) વસ્તુ જોઈતી હોય છે, પરંતુ તેને ઓછામાં ઓછો (Less and less-લૅસ એન્ડ લૅસ) ખર્ચ કરવો હોય છે.

એક દિવસ તેને કોળાનો હલવો (મીઠાઈ) ખાવાનું મન થયું. તેણે ખૂબ મોટું કોળું માત્ર ₹ ૧૦માં ખરીદવાનો પ્રયત્ન કર્યો. પહેલાં તેણે પ્રથમ દુકાનદારને કોળાનો ભાવ પૂછયો.

પહેલો કોળું વેચનાર -

આ કોળાના $\frac{૧}{૪}$ ભાગની કિંમત ₹ ૧૦.

- આ આખા કોળાની કિંમત ₹ ....

કુંદન - ઓહો ! ૧૦ રૂપિયામાં તારે મને $\frac{૧}{૨}$ કોળું આપવું જોઈએ.

પહેલો કોળું વેચનાર - તો તમે બીજા દુકાનદાર પાસે જાવ, તે તમને આ કોળાનો $\frac{૧}{૨}$ ભાગ ₹ ૧૦માં આપશે. હું માત્ર સારી ગુણવત્તાવાળું કોળું જ રાખું છું.



કુંદન બીજા દુકાનદાર પાસે ગયો અને તેટલા જ માપનું કોળું શોધવા માંડ્યો.

કુંદન - આ કોળામાંથી મને ₹ ૧૦માં કેટલું મળશે ?

બીજો કોળું વેચનાર - અડધું

- આ સંપૂર્ણ કોળાનો ભાવ ₹ ....

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કુંદન - ઓહો ! કેમ તું મને $\frac{૩}{૪}$ ન આપે ?

બીજો કોળું વેચનાર - ભાગ અહીંથી ! જા, પેલા માણસ પાસેથી તું કોળું લઈ લે. તે આવા હલકી ગુણવત્તાનાં શાકભાજી વેચે છે. એ તને કદાચ આ માપનું આખું કોળું પણ ૧૦ રૂપિયામાં આપી દેશે.

લાલચુ કુંદન ત્રીજા કોળું વેચનાર પાસે ગયો. તેણે તેના જેવું જ કોળું જોયું અને પૂછ્યું - તું મને આ આખું કોળું ₹ ૧૦માં આપીશ ?

ત્રીજો કોળું વેચનાર - તું પેલા ઘરના છાપરા પર શા માટે નથી ચડી જતો ? તને ત્યાં વેલા પરથી ઘણાં બધાં કોળાં તદ્દન મફતમાં મળશે.

કુંદન ખૂબ ખુશ થઈ ગયો. તે ઘરના છાપરા પર ચઢવા લાગ્યો અને ....

વસ્તુની કિંમત સાથેની સૂચિનો ઉપયોગ કરો

વસ્તુ	ભાવ (₹ માં) (૧ કિગ્રા)
ટામેટાં	૮
બટાટા	૧૨
ડુંગળી	૧૦
ગાજર	૧૬
કોળું	૪

અ) $\frac{૧}{૨}$ કિગ્રા ટામેટાંની કિંમત કેટલી ?

બ) કોની કિંમત વધારે, $\frac{૧}{૨}$ કિગ્રા ડુંગળીની કે $\frac{૧}{૪}$ કિગ્રા ગાજરની ?

ક) $\frac{૩}{૪}$ કિગ્રા બટાટાની કિંમત કેટલી થાય ?

ડ) કીર્તિ ખરીદી કરવા જઈ રહી છે. તેની પાસે માત્ર ₹ ૨૦ છે. શું તેની પાસેની ખરીદીની યાદીની દરેક વસ્તુ તે ખરીદી શકશે ?

ઈ) તમારી જાતે બે પ્રશ્નો બનાવો.

૧.

૨.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મહાવરો (Practice-પ્રેક્ટિસ)

ક) આકૃતિના કેટલામાં ભાગમાં કલર કરેલો છે ? દરેક આકૃતિની નીચે લખો.





ખ) દરેક આકૃતિની નીચે લખેલા ભાગ જેટલો રંગ પૂરો.



૧/૨



૩/૪



૩/૪



૧/૪



૧/૨



૩/૪

ગ) અડધું કરો.

નીચે આપેલા આકારમાં લીટી દોરી તેના અડધા ભાગ કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઘ) અહીં દર્શાવ્યા પ્રમાણે અડધી સંખ્યાના આકારમાં રંગ ભરો.



ચ) $\frac{૧}{૪}$ ભાગના આકારોમાં રંગ ભરો.



(છ) નીચે દર્શાવ્યા પ્રમાણે રંગ કરેલા ભાગને જોડો.



ચોથો ભાગ	$\frac{૩}{૪}$
અડધું	$\frac{૪}{૪}$
પોણો ભાગ	$\frac{૧}{૨}$
આખું	$\frac{૧}{૪}$

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બીજો અડધો ભાગ બનાવો

V6B8I1

જ) $\frac{૧}{૨}$ ચિત્ર અહીં દોરેલ છે. શું તમે બીજું અડધું ચિત્ર દોરી રેખાકૃતિ પૂર્ણ કરી શકશો ?



ઝ) આ ચોથા ભાગનું ચિત્ર છે. તમે તેને પૂર્ણ કરી શકશો ?
તમે તેને પૂર્ણ કરવા બીજા કેટલા ચોથા ભાગ દોરશો ? ....



મીટરનું અડધું(Half-હાફ) **અને પા**(Quarter-ક્વાર્ટર)

તમારી મીટરપટ્ટીનો ઉપયોગ કરી એક મીટર દોરી કાપો.

- આ દોરી ઉપર $\frac{૧}{૨}$ મીટર, $\frac{૧}{૪}$ મીટર અને $\frac{૩}{૪}$ મીટરનાં નિશાન કરો.
- તમારી દોરીનો ઉપયોગ કરી $\frac{૧}{૨}$ મીટરના માપની લીટી જમીન પર દોરો.
  તે લીટી કેટલા સેન્ટિમીટરની છે ? ______________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તો

$\frac{૧}{૨}$ મીટર = ... સેમી

$\frac{૧}{૪}$ મીટર = ... સેમી

$\frac{૩}{૪}$ મીટર = ... સેમી

K3Q2P5

શું તમે જોયું જ્યારે આપણે $\frac{૧}{૨}$ અને $\frac{૧}{૪}$ ઉમેરીએ ત્યારે આપણને $\frac{૩}{૪}$ મળે ?

દૂધની વહેંચણી

આ બૉટલ દૂધથી સંપૂર્ણ ભરેલ છે અને તેમાં ૧ લિટર દૂધ સમાઈ શકે છે. આ દૂધ બીજી ૪ બૉટલમાં એવી રીતે રેડો કે જેથી દરેક બૉટલમાં $\frac{૧}{૪}$ લિટર દૂધ ભરાય.

- દરેક બૉટલમાં ભરેલ દૂધની સપાટી પેન્સિલથી રેખાંકિત કરો.



યાદ રાખો, ૧ લિટર = ૧૦૦૦ મિલિ

- દરેક બૉટલમાં કેટલા મિલિ દૂધ હશે ? ....

શ્યામે ૧ લિટર દૂધ બે બૉટલોમાં એવી રીતે ભર્યું કે જેથી પ્રથમ બૉટલમાં $\frac{૩}{૪}$ લિટર અને બીજી બૉટલમાં $\frac{૧}{૪}$ લિટર દૂધ ભરાય.



- દરેક બૉટલમાં ભરેલ દૂધની સપાટી સુધી પેન્સિલથી નિશાની કરો.
- દરેક બૉટલમાં કેટલા મિલિ દૂધ હશે ?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

N2V9V4

વજન (Weight-વેઈટ) સમતોલ કરવું



- ઉપર દર્શાવેલ-વજન એવી રીતે પસંદ કરો કે બંને પલ્લા સમાન થાય. તમે જુદી જુદી કેટલી રીતે તે કરી શકશો ?

અ) ખાલી પલ્લામાં વજન દોરો.



યાદ રાખો, ૧ કિગ્રા = ૧૦૦૦ ગ્રામ(gm)

બ) જુદી-જુદી કેટલી રીતે તમે $\frac{૩}{૪}$ કિગ્રા વજનના પલ્લાને સમાન કરી શકો ?

(૧) ....

(૨) ....

(૩) ....



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

શા માટે તે ખોટું છે ?

કાનને રંગપૂરણી કરેલ કેટલાક ભાગ અહીં દર્શાવેલ છે, પરંતુ તેની દોસ્ત મીની કહે છે કે તે ખોટું છે. સમજાવો તે શા માટે ખોટું છે.





મહાવરો

- કુલ ૬૦ કેરી છે. તેમાંથી $\frac{૧}{૨}$ પાકેલી છે, તો કેટલી કેરીઓ પાકેલી છે ?
- કુલ ૩૨ બાળકો છે. તેમાંથી $\frac{૧}{૨}$ છોકરીઓ છે. કેટલા છોકરાઓ છે ?
- કુલ ૨૦ તારા છે. તેમાંથી ચોથા ભાગના લાલ છે, તો કેટલા તારા લાલ છે ? કેટલા લાલ નથી ?
- રવિને પેન્સિલ જોઈએ છે. જેની કિંમત ₹ ૨ છે. તેણે ₹ ૧નો એક સિક્કો અને ૫૦ પૈસાનો એક સિક્કો આપ્યો. શું તે પૂરતું છે ?

C3E7M2

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in